# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com


<u>અખબારી યાદી</u> <u>તા. ૨૧-૯-૨૦૨૪</u>

- **માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના શિક્ષણ સહાયકની જગ્યામાં વધારો કરવા તેમજ ટેટ-૧ અને ૨ પાસ ઉમેદવારોની વયમર્યાદામાં વધારો કરવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને પત્ર લખી માંગ**

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના શિક્ષણ સહાયકની જગ્યામાં વધારો કરવા તેમજ ટેટ-૧ અને ૨ પાસ ઉમેદવારોની વયમર્યાદામાં વધારો કરવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને પત્ર લખી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વિનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ટેટ-૧ અને ૨ તેમજ ટાટ પાસ થયેલા ઉમેદવારોની જગ્યામાં વધારો કરવા અને ટેટ-૧ અને ૨ પાસ ઉમેદવારોની વયમર્યાદામાં વધારો કરવા બાબત લાંબા સમયથી ગુજરાતના યુવાનો રજૂઆત કરી રહ્યા છે ગુજરાત સરકાર તરફથી ૭૫૦૦ ની જગ્યા માટે ભરતી કરવા માટે માત્ર જાહેરાત કરવામાં આવી છે હાલમાં ગુજરાત રાજયમાં ૩ ૮૦૦૦ જેટલા ઉમેદવારોએ આ પરિક્ષા પાસ કરેલ છે. આ ઉમેદવારોની વય મર્યાદા પુર્ણ થવાને આરે છે. સને ૨૦૨૩માં લેવાયેલ પરિક્ષા કાયમ માટે માન્ય રહેનાર નથી. જેથી આ પાસ થયેલા ઉમેદવારો ફરીથી પરિક્ષા પાસ કરવી પડે તેવી પરિસ્થિતી ઉભી થાય તેમ છે. પરિવારિક જવાબદારી અદા કરતા યુવક, યુવતીઓ માટે ૧૫૦૦૦ જેટલી જગ્યાઓ હાલમાં બહાર પડનારી જાહેરાતમાં જાહેર કરવામાં આવે તો મોટા ભાગના ઉમેદવારોને ન્યાય મળે. સરકારી શાળાની તેમજ ગ્રાન્ટેડ શાળાની જાહેરાત એક સાથે આપવામાં આવે જેથી વધુમાં વધુ ગુજરાતના યુવાન – યુવતીઓને યોગ્ય તક મળે અને શાળામાં અભ્યાસ કરતા બાળકોને શિક્ષક મળશે.

રાજ્યમાં લાંબા સમયથી સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની જગ્યા મોટા પાયે ખાલી છે. વિવિધ તબક્કે વ્યાપક રજૂઆત છતાં શિક્ષણ વિભાગ દ્વારા યોગ્ય જવાબ અને જાહેરાત કરવામાં આવી નથી. લાંબા સમયથી શિક્ષકોની ખાલી જગ્યાઓને કારણે રાજ્યની શિક્ષણ વ્યવસ્થાને મોટું નુકસાન થયું છે અને અનેક મૂલ્યાંકન અહેવાલોમાં ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે ત્યારે રાજ્ય સરકાર માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ સહાયકની જગ્યામાં વધારો કરે, સાથોસાથ ચાર થી પાંચ વર્ષ વિલંબ બાદ જયારે ભરતી પ્રક્રિયા હાથ ધરાતી હોય ત્યારે વયમર્યાદામાં પણ છુટછાટ આપવામાં આવે તો અનેક ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા યુવાનોને લાભ મળશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા